# ઉત્તર ભારતમાં ભારે વરસાદ : જનજીવન ઠપ્પ

## દેશના મેદાની ભાગોમાં પણ વરસાદથી ઠંડીમાં એક એક વધારો : શિયાળામાં વરસાદથી ભારે આશ્ચર્ય

નવી દિલ્હી,તા. ૫

દેશના ઘણા ભાગોમાં શિયાળાની સિઝનમાં વરસાદ થતા ઠંડીમાં તીવ્ર વધારો થયો છે અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં શિયાળામાં વરસાદનો ૫૦ વર્ષનો જુનો રેકોર્ડ તૂટી ગયો છે. જ્યારે પંજાબ, હરિયાણામાં પણ ભારે વરસાદથી લોકો અટવાઈ પડ્યા છે. સવારથી જ જુદા જુદા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો જેથી પાણી ભરાઈ ગયા હતા. ઉત્તર ભારતના ઘણા ભાગોમાં વરસાદના કારણે તાપમાનમાં એકાએક ઘટાડો નોંધાયો છે. દિલ્હીમાં શિયાળામાં વરસાદનો ૫૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. ફેબ્રુઆરીના મહિમામાં છેલ્લા ૫૦ વર્ષમાં એક જ દિવસમાં વરસાદના તમામ જુના રેકોર્ડ તૂટી ગયા છે. શહેરમાં છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૫૦ મીમી જેટલો વરસાદ પડ્યો છે. દિલ્હી ઉપરાંત રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં પણ વરસાદ પડ્યો હોવાના અહેવાલ મળ્યા છે. હવામાનમાં એકાએક પલટાથી તમામ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે સવારે ભારે વરસાદપડ્યો હતો જેથી જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. વરસાદના કારણે ઘણી જગ્યાઓએ પાણી પણ ભરાઈ ગયા હતા. હવામાન ખાતાએ દિલ્હીમાં વધુ વરસાદની આગાહી પણ કરી છે. આજે દિવસ દરમિયાન વરસાદી ઝાપટાઓ જારી રહેવાની પણ વાત કરવામાં આવતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં ૧.૮ મિમી જેટલો વરસાદ નોંધાયો છે. મંગળવારે મોડી રાત્રે વરસાદ શરૂ થયા બાદ દિવસ દરમિયાન પણ વરસાદ જારી રહ્યો હતો. આઈટીઓ, વિકાસમાર્ગ, સાઉથ એક્સટેન્સન સહિતના ઘણા વિસ્તારોમાં વાહન વ્યવહારને માઠી અસર થઈ હતી. લો વિઝિબિલિટીની પણ અસર જોવા મળી હતી. એન્ડ્રીવગંજ, મહિપાલપુર, હરિનગર, આઈઆઈટી ચાર રસ્તા, યુસુફ સરાય માર્કેટ, મુનિરકા ફલાયર ઓવર, બાદરપુર બોર્ડર, વઝિરપુર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર, અશોક વિહાર, લક્ષ્મીનગર, મહિપાલપુર, લાલારાજપતરાય માર્ગ ખાતે પાણી ભરાઈ ગયા હતા. લઘુત્તમ તાપમાન ૧૧.૭ ડિગ્રી નોંધાયું હતું તે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી વધારે હોવાનું જાણવા મળ્યું છે પરંતુ તીવ્ર ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રી નોંધાયું હતું જે સામાન્ય કરતા ત્રણ ડિગ્રી ઓછું છે. દિલ્હી ઉપરાંત દેશના ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજું ફળી વળ્યું છે. જમ્મુ કાશ્મીરમાં તથા હિમાચલમાં હિમવર્ષા થતાં ઘણા વિસ્તારમાં તાપમાન માઈનસમાં પહોંચ્યું છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને બંધ કરવામાં આવ્યા બાદ વાહનો અટવાયેલા છે. જો કે સ્થિતિને સામાન્ય બનાવવા માટે તંત્ર દ્વારા તમામ પગલાં લેવામાં આવ્યા છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં પણ હજુ લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હિમાચલના સિમલામાં હિમવર્ષાથી પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. દરમિયાન હરિયાણામાં નારનોલમાં મહત્તમ ૩૦ મીમી વરસાદ નોંધાયો હતો જેથી તાપમાન ઘટીને ૧૪ ડિગ્રી થયુ હતુ. કર્નાલમાં ૨૩.૮ મીમી વરસાદ પડ્યો છે. ચંદીગઢમાં ૧૧.૫ મીમી વરસાદ થયો છે આવી જ રીતે પંજાબમાં પણ વરસાદ થયો છે. જેમાં લુધિયાના અને પટિયાલામાં ૩.૨ અને ૧૩.૬ મીમી વરસાદ પડ્યો હતો.



### જમ્મુ કાશ્મીરમાં સતત બીજા દિવસે ભારે હિમવર્ષા

શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગ અને અન્ય આસપાસના વિસ્તારોમાં સતત બીજા દિવસે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવના લીધે આ રાજમાર્ગને બીજા દિવસે બંધ રાખવાની ફરજ પડી હતી. ૩૦૦ કિલોમીટર લાંબા રાજમાર્ગની જાળવણીની મુખ્ય જવાબદારી સંભાળનાર બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)ના એક અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે સોમવારે મોડી રાત્રે અને આજે વહેલી સવારે નવેસરથી હિમવર્ષા થઈ હતી. પંથાલ, સેરી અને કેલામોર વિસ્તારમાં માર્ગો ઉપર ભેખડો ધસી પડવાના બનાવ બન્યા હતા. રાજમાર્ગ સતત બીજા દિવસે બંધ રાખવામાં આવતા મોટી સંખ્યામાં વાહનો અટવાયેલા છે. યાત્રીઓ પણ ફસાઈ ગયા છે. ઓપરેશનને વહેલી તકે શરૂ કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. જો હવામાન મંજૂરી આપશે તો અટવાઈ પડેલા વાહનોને જમ્મુથી શ્રીનગર તરફ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે. તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આ રાજમાર્ગ દેશના બાકીના ભાગને કાશ્મીર ખીણ સાથે જોડનાર એક માત્ર માર્ગ તરીકે છે. તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓ આ રાજમાર્ગ મારફતે ટ્રકોથી રાજ્યમાં પ્રવેશ કરે છે પરંતુ છેલ્લા બે દિવસથી શ્રીનગર-જમ્મુ રાષ્ટ્રીય રાજમાર્ગને ભારે હિમવર્ષા અને ભેખડો ધસી પડવાના બનાવોના કારણે બંધ રખાતા અડચણો ઊભી થઈ છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાનો સિલસિલો શરૂ થઈ ચૂક્યો છે. આ રાજમાર્ગને ઠંડીમાં ઘણી વખત બંધ કરવામાં આવે છે જેના કારણે શિયાળાના મહિનાઓમાં જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ હમેશા વધી જાય છે.



# આજે મહાકુંભમાં સંઘ-વિહીપની બેઠક

અલ્હાબાદ,તા. ૫

જેની રાજકીય વર્તુળોમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘની આવતીકાલે મહત્વપૂર્ણ બેઠખ મહાકુંભ ખાતે યોજાનાર છે. જેમાં વિવિધ પ્રશ્ને ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. ભાજપના વિચારક સ્થાપક આરએસએસ અયોધ્યામાં ભવ્ય રામમંદિરના નિર્માણના મામલે ફરી ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા છે. આ બેઠકમાં હિન્દુત્વનો મુદ્દો છવાઈ જશે તેમ માનવામાં આવે છે. આ બેઠકમાં ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી હાજરી આપનાર નથી પરંતુ તેમના વડાપ્રધાનપદના નામ પર આ બેઠકમાં ચોક્કસપણે ચર્ચા કરવામાં આવે તેમ માનવામાં આવે છે. અહેવાલમાં આજે જણાવાયું હતું કે સંઘના ટોચના નેતાઓ અને વિહિપના ટોચના નેતાઓ આમાં હાજરી આપનાર છે. વિહિપ દ્વારા આ બેઠકનુ આયોજન કરવામાં આવ્યું છે. વિહિપના તમામ ટોચના નેતાઓ હાજરી આપનાર છે. આમાં વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીના મામલે પણ ચર્ચા કરવામાં આવનાર છે. બેઠકમાં રામ મંદિરના મામલાને કઈ રીતે ફરી વેગ આપવામાં આવે તે પ્રશ્ને વિશેષ ચર્ચા કરવામાં આવશે. ભાજપના મુખ્ય રાજકીય મુદ્દા તરીકે આને ગણવામાં આવે છે. સુત્રોના જણાવ્યા મુજબ એક દિવસ લાંબી બેઠક દરિયાન સંઘ અને વિહિપના નેતાઓ અયોધ્યામાં રામમંદિરના નિર્માણ માટેની નવી મહેતલ પણ નક્કી કરે તેવી શક્યતા છે. વિહિપ દ્વારા રામ મંદિરના મામલે પહેલાથી પત્રો વહેંચવાની શરૂઆત કરી દીધી છે. આ હિલચાલને તમામ સંતોનો પણ ટેકો મળી ગયો છે. આ ઉપરાંત જુદા જુદા ધાર્મિક વડાઓનો પણ આમાં ટેકો છે. એક દિવસ લાંબી બેઠકમાં હિન્દુત્વને ફરી સજીવન કરવાના પ્રયાસો કરવામાં આવશે.હિન્દુત્વના એજન્ડાને આગળ વધારવા માટે તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. સંઘ ત્રણ લાખ ગામોને આવરી લઈને આગામી વર્ષથી હિન્દુત્વ જાગૃતિ ઝુબેશ પણ હાથ ધરી શકે છે. વિહિપ પ્રાયોજિત આ બેઠકમાં ભાજપના ટોચના નેતાઓ પણ હાજરી આપનાર છે. જેમાં ભાજપના પ્રમુખ રાજનાથસિંહનો પણ સમાવેશ થાય છે. ભાજપના નવા પ્રમુખ તરીકે રાજનાથસિંહની તાજેતરમાં તાજપોશી કરવામાં આવી હતી. જો કે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આ બેઠકમાં હાજરી આપના નથી. તેઓ મોડેથી કુંભ પહોંચનાર છે. આંતરિક સુત્રોએ કહ્યું છે કે ગુજરાતના મુખ્યપ્રધાન મોદીને જાણી જોઈને આ બેટકથી દુર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કારણ કે સંઘના નેતાઓ ઈચ્છે છે કે હાલ વડાપ્રધાનપદને લઈને ચાલી રહેલી ખેંચતાણ આગળ ન વધે. સુત્રોએ કહ્યું છે કે ભાજપ તેના સંસદીય બોર્ડમાં મોદીને સકામેલ કરવાની યોજના બનાવી ચુક્યો ચે. વર્ષ ૨૦૧૪માં ભાજપ અને સંઘના નેતાઓ હિન્દુત્વના મામલે મુખ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. લોકસભાની ચૂંટણી માટે પક્ષની પ્રચાર સમિતીમાં મોદીને સામેલ કરવાની વાત પહેલાથી જ કરી લેવામાં આવી છે. આવતીકાલે ચોજાનારી બેઠકમાં અન્ય ઘણા પ્રશ્ને ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે.

## જામીનની માંગ ન કરવા ઉપર કેજરીવાલ મક્કમ

નવી દિલ્હી,તા. ૫

કોલસા કૌભાંડના વિરોધના મામલામાં ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા અને કાયદાકીય સકંજાનો સામનો કરી રહેલા આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે કહ્યુ છે કે તેઓ જામીનની માંગ કરશે નહીં અને જેલમાં જવાનું પસંદ કરશે. પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા બદલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થનાર અરવિંદ કેજરીવાલે કહ્યુ હતુ કે તેઓ જામીનની માંગ કરશે નહીં. વડાપ્રધાન મનમોહનસિંહ અને કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના આવાસની બહાર દેખાવો દરમિયાન પ્રતિબંધાત્મક આદેશોનો કેજરીવાલ દ્વારા ભંગ કરવામાં આવ્યો હતો. કેજરીવાલે આજે કહ્યુ હતુ કે અમે જામીન માટે અપીલ કરશું નહીં પરંતુ કોર્ટનો આદેશનું સન્માન કરીશુ. ૨૬મી ઓગસ્ટના દિવસે અમારા પૈકી ઘણા લોકો સોનિયા ગાંધી, વડાપ્રાધાન અને નીતિન ગડકરીના આવાસે ઘેરાવ કરવા પહોંચ્યા હતા અને શાંતિપૂર્ણ દેખાવો કરવામાં આવ્યા હતા. કોઈ પણ હિંસા થઈ ન હતી. અમે શાંતિપૂર્ણરીતે આગળ કૂચ કરી રહ્યા હતા ત્યારે પોલીસે પાણીનો મારો ચલાવ્યો હતો અને ટીયરગેસના સેલ છોડ્યા હતા. પોલીસે કલમ ૧૪૪ લાગુ કરી હતી.

## ડ્રિમલાઈનરથી એઆઈને મહિને ૧૮ કરોડનો ફટકો

મુંબઈ,તા. ૫

ડ્રિમ લાઈનર વિમાનની સેવા નહીં લેવાના પરિણામ સ્વરૂપે એરઈન્ડિયાને ૧૮ કરોડનો ફટકો મહિને પડ્યો છે. ટેકનિકલ ખામીના પરિણામ સ્વરૂપે એર ઈન્ડિયા દ્વારા પણ તેના છ બોઈંગ ૭૮૭ની સેવા હાલમાં બંધ કરવામાં આવી છે. ૧૭મી જાન્યુઆરી બાદથી આ વિમાનની સેવા બંધ રાખવામાં આવી છે. ફેડરર એવિએશન એડમિનિસ્ટ્રેશનના આદેશમાં આ મુજબની વાત કરવામાં આવી છે. એર ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ આશરે ૧૮ કરોડનું નુકસાન મહિને થયુ છે જેમાં ૭.૫ કરોડના વ્યાજ ખર્ચનો સમાવેશ થાય છે. એર ઈન્ડિયાએ વિમાન મેળવવા માટે જંગી લોન પણ મેળવી હતી. વિશ્વમાં ઘણી એરલાઈન્સોએ ડ્રિમલાઈનરની સેવા બંધ કરી હતી જેમાં જાપાન અને અમેરિકી એરલાઈન્સોનો સમાવેશ થાય છે. સૌથી પહેલા ઓલ નિપ્પોન એરવેઝે તેની સેવા બંધ કરી હતી જેના પરિણામ સ્વરૂપે ૧૫.૪ મિલિયન ડોલરનું નુકસાન થયુ છે. ૪૫૯ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટો આના લીધે રદ કરાઈ હતી.

## બજેટમાં યોજના ખર્ચમાં જંગી કાપ મૂકવા તૈયારી

નવી દિલ્હી,તા. ૫

કેન્દ્રીય બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે તમામ ગણતરીઓમાં નિષ્ણાંતો વ્યસ્ત થઈ ગયા છે. મળેલી માહિતી મુજબ બજેટમાં આ વખતે આયોજન ખર્ચને ઉલ્લેખનીય કાપનો સામનો કરવો પડી શકેછે. વર્ષ ૨૦૧૩-૧૪ માટેના તેના યોજના ખર્ચમાં ઘટાડો કરવા નાણાંમંત્રાલય દ્વારા તૈયારી કરી લેવામાં આવી છે. જીડીપીના ૪.૮ ટકાએ મહેસૂલી ખાદને નિયંત્રિત કરવાના પ્રયાસ રૂપે નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ બજેટમાં યોજના ખર્ચમાં ઘટાડો કરી શકે છે. ચિદમ્બરમ્ વર્તમાન નાણાંકીય વર્ષ માટે મહેસૂલી ખાદને જીડીપીના ૫.૩ ટકા સુધી લાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી ચૂક્યા છે. આને હવે ૪.૮ ટકા સુધી નીચે લાવવા નવી ગણતરી કરવામાં આવી છે અને આના માટે યોજના ખર્ચમાં કાપ મૂકવામાં આવી શકે છે. આગામી નાણાંકીય વર્ષમાં અને જીડીપીના ૪.૮ ટકા સુધી લાવવામાં આવશે. સૂત્રોનું કહેવું છે કે રૂપરેખા પહેલાંથી જ તૈયાર કરી લેવામાં આવી છે. નાણાંકીય ખાદ્યને ૨૦૧૬-૧૭ સુધી જીડીપીના ૩ ટકા સુધી લાવવાની યોજના બનાવવામાં આવી છે. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરવામાં આવનાર છે. નાણાંમંત્રાલય સાથે સંકળાયેલા નજીકના સૂત્રોનું કહેવું છે કે મંત્રાલય બજેટમાં આગામી વર્ષ માટે કોઈપણ રકમ જારી કરતા પહેલાં વર્તમાન નાણાંકીય વર્ષમાં ફાળવવામાં આવેલી રકમના ઉપયોગમાં ચકાસણી કરશે. કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ (સીજીએ)ના આંકડા દર્શાવે છે કે યોજના ખર્ચ બજેટ અંદાજના ૫૬.૮ ટકા અથવા તો ડિસેમ્બર સુધી ૨.૯૬ લાખ કરોડની આસપાસ છે. જો કે બિનયોજનાકીય ખર્ચ બજેટ અંદાજના ૭૨ ટકા અથવા તો ૬.૯૫ લાખ કરોડની આસપાસ છે. આ વર્ષે મહેસૂલી ખાદને ૫.૩ ટકા ઉપર લાવવા નાણાંમંત્રાલય દ્વારા ફૂલ નાણાંકીય વર્ષ માટે ફાળવવામાં આવેલા કુલ ફંડના ૩૩ ટકા જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળામાં ખર્ચ કાપ મૂકવા તમામ સરકારી વિભાગોને કહેવામાં આવી ચૂક્યું છે. મંત્રાલયનું કહેવું છે કે ૩૩ ટકાની મર્યાદા અને વર્તમાન નાણાંકીય વર્ષમાં ૧૫ ટકા ખર્ચ મર્યાદા અસરકારક રહી શકે છે. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષ માટે મહેસૂલી ખાદ્ય ટાર્ગેટ જીડીપીના ૫.૩ ટકા કર્યો છે જે બજેટમાં અંદાજિત ૫.૧ ટકા રાખવામાં આવ્યો હતો. સરકારની મહેસૂલી ખાદ્યનો આંકડો એપ્રિલ-ડિસેમ્બર ૨૦૧૨માં બજેટ અંદાજમાં ૭૮.૮ ટકા સુધી પહોંચ્યો હતો. સબસીડી બિલમાં સતત વધારો થઈ રહ્યો છે. સરકાર ઉપર દબાણ પણ વધી ગયું છે.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

'મને છેલ્લી એક તક આપી દે મારા પ્રભુ' મારી બંને વ્હાલી દિકરીઓને ભેટી લઉં, મારી માને છેવટનું એક સ્મિત આપી દઉં, મારા પિતાને ગૌરવ થાય એવાં શબ્દો કહું, મારા પત્નીને પ્રેમથી ભેટી લઉં. મારા મિત્રો માટે કંઈક કરીને જાઉં. મારા જીવનમાં જેમણે પણ કંઈ કર્યું છે એ સૌનો આભાર વ્યક્ત કરી લઉં...

મેં ઉપર આકાશ તરફ નજર કરી અને ચોંધાર આંસુએ રડી પડ્યો, મેં ફરી એક પૉક મુકી, 'અરે, પ્રભુ મને એક છેલ્લી તક આપી દે મારા વ્હાલા ભગવાન...'

અને મારી પત્નીએ મને પ્રેમથી જગાડીને કીધું, 'તમે ઊંઘમાં આમ કેમ રડી રહ્યાં છો?' તમને કંઈ તકલીફ થાય છે? તમે 'વેલેન્ટાઈન ડે' આર્ટીકલ એવું બબડતાં હતાં કોઈ દુ:ખદ સ્ટોરી યાદ આવી ગઈ, કે કોઈનું મૃત્યુ જોઈને રડતાં હતાં? ઊંઘમાં કોઈનાં બેસણામાં તો નહોતા પહોંચ્યો ને?

અરે, હું જીવું છું, મારી પત્ની મને સાંભળી શકે છે. આ મારા જીવનની અત્યંદ સુખદ પળ હતી મેં એને હાથ પકડી ખેંચી લીધી. અને એની સામે આનંદના અશ્રુ સહ જોઈ રહ્યો...

કાલે જ મરણ આવવાનું હોય એમ આજે જીવીએ તો?

**ચૂંટલો :**

દરેક વ્યક્તિ અમરપટો લખાવીને આવ્યો એમ જ જીવતો હોય છે, પણ મૃત્યુ એમ કંઈ એપોઈન્ટમેન્ટ આપીને નથી આવતું, એક ઝાટકે જ ઉપાડી જાય છે. તમારી ઈચ્છા અને કરવાનાં કાર્યો આજે જ કરી લો, મારૂં તો ભગવાને સાંભળી જીવનદાન આપ્યું. બાકી નો ગેરંટી.

**(નામ - ઠામ - ઠેકાણાં વગરનાં ફરતાં ફરતાં આવેલાં એક ઇમેલનાં આધારિત રચાયેલી વાર્તા)**

## સોનાના યોગ્ય ઉપયોગ અંગે બજેટમાં સ્કીમ જાહેર કરાશે

નવી દિલ્હી,તા. ૫

આયાતને કાબૂમાં લેવાના હેતુસર સરકાર સોના પર આયાત ડ્યુટીમાં વધુ વધારો કરી શકે છે. સાથે સાથે અન્ય કેટલીક રાહત સાથે સંબંધિત પગલાં પણ જાહેર કરી શકે છે. નાણાંમંત્રાલય બજેટમાં અન્ય ઘણી બાબતોનો ઉલ્લેખ કરવાની તૈયારીમાં છે. છેલ્લા બે મહિનાના ગાળામાં જ સોનાની આયાતમાં જ નોંધપાત્ર વધારો થયો છે જે ચિંતાજનક બાબત બની છે. આ દિશામાં ચોક્કસપણે પગલાં લેવાની જરૂરિયાત ઊભી થઈ છે. બજેટમાં કોઈ જાહેરાત કરવામાં આવી શકે છે. આયાત ડ્યુટીમાં વધારો કરવાને લઈને છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ પહેલાંથી જ સોના ઉપર આયાતમાં વધારો થતાં ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. માંગણીને કાબૂમાં લેવા સોનાની આયાત ઉપર વધુ ડ્યુટી લાદવામાં આવી શકે છે. ચિદમ્બરમ્ ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજૂ કરનાર છે. ઊંચી આયાત ડ્યુટીના પરિણામ સ્વરૂપે સોનાની દાણચોરી પણ વધી ગઈ છે. પરંતુ આ મામલાને જુદી રીતે હાથ ધરવામાં આવશે. અધિકારીઓનું કહેવું છે કે સરકાર સોનાના ઉપયોગની ખાતરી કરવા કોઈ નવી સ્કીમ પણ રજૂ કરી શકે છે.

લોકો પાસે રહેલા સોનાનો ઉપયોગ આદર્શ રીતે કઈ રીતે થાય તે અંગે પણ કોઈ સ્કીમ રજૂ કરવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૩-૧૪ માટેના બજેટની તમામ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ચિદમ્બરમ્ વાતચીતનો દોર પણ યોજી ચૂક્યા છે. નાણાંમંત્રીનું કહેવું છે કે સોનાની માંગ વધી જવાના કારણે આયાતમાં પણ વધારો થયો છે. ભારત સોનાના આયાતકાર તરીકે અને વિશ્વના સૌથી મોટા વપરાશકાર દેશ તરીકે છે.

## ૨૦૦૮-૧૦માં ૧.૭ લાખ બાળકો લાપત્તા

નવી દિલ્હી,તા. ૫

સુપ્રીમ કોર્ટે આજે દેશમાં લાપત્તા થઈ રહેલા બાળકોના મામલે કેન્દ્ર અને રાજ્યોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુ હતુ કે લાપત્તા થયેલા બાળકોને લઈને રાજ્યો ચિંતિત દેખાઈ રહ્યા નથી. સમગ્ર મામલાની સુનાવણી ચાલી રહી હતી ત્યારે તેની અરજીમાં એનજીઓ દ્વારા જણાવાયુ હતુ કે જાન્યુઆરી ૨૦૦૮ અને જાન્યુઆરી ૨૦૧૦ વચ્ચેના ગાળામાં દેશમાં ૧.૭ લાખ બાળકો લાપત્તા થયેલા છે જે પૈકી ઘણા બાળકોને બાળમજુરી અને અન્ય કારણોસર અપહરણ કરી લેવામાં આવ્યુ હતુ.

## સમાચાર ઝલક

- સપ્ટેમ્બર બાદ લોકસભાની ચૂંટણી, રાજકીય પક્ષોમાં ગરમી.
- શ્રીનગર-જમ્મુ હિમાચલમાં હિમવર્ષા, હાઇવે બંધ, યાત્રીઓ ફસાયા, ગુજરાતમાં પણ હવામાન પલટો, રાજ્યમાં ઠેર-ઠેર કરાનો વરસાદ.
- પોરબંદરમાં સલ્ફર ઢોળાતાં અડધો કિલોમીટર રસ્તો સળગ્યો, લોકોને બળતરા.
- તા.૨૦-૨૧ની ફેબ્રુઆરીએ બે દિવસ બેંક હડતાલનું એલાન.
- બી.એસ.એન.એલ. દ્વારા ગ્રાહકોને પસંદગીના મોબાઇલ નંબર.
- ખાંભળ નજીકના આંબલીયાળા ગામે લગ્નપ્રસંગમાં આવેલા ત્રણ યુવાનો પર સિંહણનો હૂમલો.
- ૬૦ વર્ષીય ફિલ્મ અભિનેત્રી ઝિન્નત અમાર પુનઃલગ્ન કરવાની તૈયારીમાં.
- ૪૦ વર્ષના જીવનમાં ૨૫ ખૂન કરનારા આરોપીની કબૂલાતથી પોલીસ અંચબામાં.
- 'સૂરત' બન્યું દેશ માટે રોલ મોડેલ, કેન્દ્ર અંજાયું, શહેરને ફરતે ૬૬ કિલોમીટરનો રસ્તો બનશે.
- હોમલોન ઉપર વ્યાજ ટેક્ષ કપાતની મર્યાદા ૨ લાખ થશે.
- રાજસ્થાન રોયલ્સે ફેમાના કાયદાનો ભંગ કર્યો હોવાથી ૧૦૦ કરોડનો દંડ.
- ઓળખપત્ર નહિ એક નંબર છે આધાર : મોન્ટેકસિંહ આહલુવાલીયા
- ભારતીય ફાર્મસિસ્ટે અમેરિકામાં કૌભાંડ કરતાં ૧૭ વર્ષની સજા, ૯૯ કરોડનો દંડ.
- ઇન્ડિયન પેસ લીગ, ઉનડકર-નાયર જેવા ખેલાડીઓ માલામાલ થયા.
- બિહારમાં બળાત્કારી-હત્યારાને માત્ર નવ દિવસમાં મોતની સજા, અનુકરણીય ચુકાદો.
- ફિલ્મ અભિનેતા અભિષેક બચ્ચન ફરી જોશમાં, નવી બે ફિલ્મોમાં જોડી જમાવશે.
- સોલિસીટર જનરલ આર.એફ. નરીમાનનું રાજીનામું.

## નવાં ક્લેવર (પાના નં. ૪નું ચાલુ)

બંને ભાઈ બહેનમાં ખાવાનું ખાતાં ખાતાં કોણ જાણે શું થયું કે નિક્કી રોવા લાગી અને પછી થોડીવારમાં સુઈ ગઈ. ચાર વાગે મેં તેને જગાડી. મોં ધોવડાવી દૂધનો ગ્લાસ આપ્યો. દૂધ પીને એ બગીચામાં જતી રહી. સામેના બંગલામાં તેની બહેનપણી જયોતિ રહે છે. નિક્કીએ ફેન્સીંગ પાસે જઈને ધીમેથી બોલાવી. જયોતિ તો જાણે કે તેની રાહ જોઈ રહી હતી. અવાજ સાંભળતા જ દોડીને આવી ગઈ. નિક્કી તેને ગુલાબના છોડ પાસે લઈ ગઈ. અને કહેવા લાગી. 'જો કેટલાં બધાં ગુલાબ ખીલ્યાં છે. કેવાં સુંદર છે, નહીં? સુગંધ પણ બહુ સરસ આવે છે.' જયોતિએ ફૂલ તોડતાં કહ્યું.

નિક્કી એ કહ્યું 'ફૂલ ને તોડવા ન જોઈએ. મારી મમ્મી કહે છે કે તેને પણ દર્દ થાય.'

નિક્કી માટે મારા ટીચર માટે એક ગુલાબ જોઈએ છે. પણ કઈ રીતે તોડુ.

'અરે ગાંડી, ફૂલો એ માટે જ ખીલે છે. તેને કોઈ તોડે, સુંઘે, કેટલાં સરસ છે નહીં. તું એક બીજું પણ તોડી લે, તારી ટીચરને આપજે ખુશ થશે.' મમાને ખબર ન પડે હોં.'

'નિક્કી તારે વાંચવાનું નથી.' મેં કહ્યું હું કયારની ઊભી ઊભી તેમની વાતો સાંભળતી હતી.

'મમા મને બધું જ આવડે છે, મારે નથી વાંચવું.'

'જો બેટા વાંચીશ નહીં તો તારા પપ્પા ખીજાશે.' હું તેને બિવડાવું છું

'જો તું મને ખીજાઈશ તો હું રડીશ. જો હું રડીશ તો પપ્પા તને જ ખીજાશે.' તેણે મને હકીકત કહી.

'જો માર્ક્સ સારા નહીં આવે તો તારી સ્કૂટીનું શું થશે.' મેં કહ્યું.

'મારે સ્કૂટી નથી જોઈતી, નથી જોઈતી બસ' તેણે ગુસ્સે થતાં કહ્યું.

હું તેને શાંત કરવાનો છેલ્લો પ્રયાસ કરૂં છું. 'સારૂં નિક્કુ બેટા પેલો 'વ્હેન યુ પ્લે' ચેપ્ટર તૈયાર કરી લઈએ. એ રીતે બરાબર ફાવતું નથી.'

નિક્કી અચરજથી મારી સામે જુએ છે. તે ગાલ પર હાથ રાખીને કહે છે, 'મમા તું તો સાવ બુધ્ધુ છે. તને ખબર છે એ ચેપ્ટરમાં શું લખ્યું છે. તેમાં લખ્યું છે કે ઑલવેઝ પ્લે ઈન ઑપન પ્લેસ' આખી ચોપડીમાં કયાંક નથી લખ્યું કે આખો દિવસ ભણ્યા કરો.

મેં બારીમાંથી જોયું. નિક્કી અને જયોતિ એક પતંગિયા પાછળ દોડતી હતી. અને તેની સાથે સાથે પતંગિયાની પાંકો જેવું મુલાયમ અને મખમલી તેમના ચહેરા પર સ્મિત મેં જોયું. મેં નક્કી કર્યું કે આજે તો વરસાદમાં તેને ભીંજાવા દઈશ. હું પણ ભીંજાઈશ અને તેને કાગળની હોડી બનાવી આપીશ.

તો રાહ કોની જુઓ છો, તમે પણ બહાર જાવ. માવઠાંનો તો માવઠાંનો વરસાદ તો પડવા લાગ્યો જ છે.

- vanvihari@gmail.com